Extra No. 47

REGISTERED NO. G/GN

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXX] TUESDAY, JUNE 6, 1989/JAYAISTHA 16, 1911

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## PART I-A

### CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

### PANCHAYATS AND RURAL HOUSING DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 30 May, 1989.

GUJARAT PANCHAYATS ACT, 1961.

No. KP/13/89/PRR/1081/4021(81)-D :—In exercise of the powers conferred by section 323 read with sub-section (3) of section 203 of the Gujarat Panchayats Act, 1961 (Guj. VI of 1962), the Government of Gujarat hereby makes the following rules for regulating the reservation of vacancies to the posts in the Gujarat Panchayats Services for ex-servicemen, namely :—

1. **Short title.**—These rules may be called the Gujarat Panchayat Services (Reservation of vacancies for Ex-Servicemen) Rules, 1989.

2. **Definitions** :—In these rules, unless the context otherwise requires,—

(a) "armed forces of the Union" means the Naval, Military or Air Forces of the Union ;

(b) "Disabled ex-servicemen" means an ex-serviceman who, while serving in the Armed Forces of the Union was disabled in operation against the enemy or in disturbed areas ;

(c) "Ex-serviceman" means a person who has served in any rank (whether as combatant or as non-combatant), in the Armed Forces of the Union, including the Armed Force of the former Indian States but excluding the Assam Rifles, Defence Security Corps, General Reserve Engineering Force, Lok Sahayak Sena and Territorial Army, for a continuous period of not less than six months after attestation, and

(i) has been released, otherwise than at his own request or by way of dismissal or discharge on account of misconduct or inefficiency, or has been transferred to the reserve pending such release, or

(ii) has to serve for not more then six months for completing the period of service requisite for becoming entitled to be released or transferred to the reserve as aforesaid or

(iii) has been released at his own request after completing five year's service in the Armed Force of the Union ;

(d) "Reserved vacancies" means vacancies reserved under rule-4 for being filled by ex-serviceman.

3. **Application :**—These rules shall apply to all the categories of superior and inferior panchayat service and to all such posts in that service.

4. **Reservation of Vacancies :**—(1) Ten percent of the vacancies in each of the categories of superior panchayat service and of such posts in that service and twenty percent of the vacancies in each of the categories of inferior panchayat service and of such posts in that service including permanent vacancies filled initially on a temporary basis and temporary vacancies which are likely to be made permanent or are likely to continue for three months or more, to be filled in by direct recruitment in any year shall be reserved for being filled by ex-serviceman ;

Provided that the percentage of reservation so specified for ex-serviceman in a category of posts shall be increased or decreased in any one recruitment year to the extent to which the total number of vacancies reserved for ex-serviceman Scheduled Castes and Scheduled Tribes (including the carried forward reservations for Scheduled Castes and Scheduled Tribes) and for any other categories taken together falls short or is in excess, as the case may be, of fifty percent of the vacancies in that category of posts filled in that year :

Provided further that in case of an increase in the reservation for the ex-serviceman under the preceding proviso the additional vacancies so made available for them shall be utilised first for the appointment of disabled ex-serviceman and if any such vacancies still remain unfilled thereafter the same shall then be made available to other ex-servicemen.

(2) Out of the vacancies reserved for being filled by ex-serviceman, vacancies shallbe reserved for candidates belonging to the Scheduled Castes and Scheduled Tribes in accordancewith orders as are issued in this behalf by the Government from time to time :

Provided that if any ex-serviceman belonging to a Scheduled Caste or a Scheduled Tribes is selected, his selection shall be counted against the overall quota of reservations that shall be provided for Scheduled Castes or Scheduled Tribes in accordance with the orders issued by the Government from time to time.

5. **Special provision regarding age limit.**—For appointment to reserved vacancies every ex-serviceman who has put in not less than six months continuous service in the Armed Forces of the Union shall be allowed to deduct the period of such service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post and service for which he seeks appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit.

6. **Special provision regarding educational qualifications .**—(1) For appointment to any reserved vacancies in any of the posts of Peon, Daftary, Jamadar and Record Sorter in the Inferior Panchayat Service, every ex-serviceman who has put in not less then three years service in the Armed Forces of the Union shall be exempted from the prescribed educational qualifications.

**Explanation.**—In computing the period of service for the purpose of this sub-rule the period of service which a person has put in, in the Armed Forces of the Union any period during which he served in a Civil Department of the Government of India shall be included.

(2) For appointment to any reserved vacancy in the posts other than those referred to in sub-rule (1), the appointing authority may at its discretion having regard to economic condition of such ex-serviceman relax the minimum educational qualifications, if any, prescribed in respect of such posts in favour of ex-serviceman who are otherwise eligible for appointment to such posts.

(3) For appointment to any reserved vacancies in categories of superior panchayat service posts, a matriculate Ex-serviceman (which term includes an ex-serviceman, who has obtained the Indian Army Special Certificate of Education or the corresponding certificate in the Navy or the Air Force), who has put in not less than 15 year's service in theArmed Forces of the Union may be considered eligiblefor appointment to the posts for which the essential educational qualification prescribed is graduation and where—

2325
230

(a) work experience of technical or professional nature is not essential; or

(b) though non-technical professional work experience is prescribed as essential yet the appointing authority is satisfied that the ex-serviceman is expected to perform the duties of the post by undergoing on the job training for a short duration.

(4). For appointment to any reserved vacancies in categories of superior panchayat service and inferior panchayat service, where the prescribed minimum educational qualification is matriculation, the appointing authority may, at his discretion, relax the minimum educational qualifications in favour of ex-serviceman who has passed the Indian Army Class-I Examination or its equivalent examination in the Navy or the Air Force, and who has put in atleast 15 year's service in the Armed Forces of the Union and is otherwise considered fit to hold the post, in view of his experience and other qualifications.

7. **Lower Standard for Selection.**—In the case of direct recruitment, if sufficient number of candidates from the ex-serviceman is not available on the basis of general standard to fill all the vacancies reserved for them, candidates belonging to the category of ex-serviceman may be selected under a relaxed standard of selection to make up the deficiency in the reserved quota subject to the condition that such relaxation shall not affect the level of performance by such candidates.

8. **Amendment of Recruitment Rules.**—All rules regulating the recruitment to any of the posts in the Inferior Panchayat Service and Superior Panchayat Service under the Panchayats Services shall be subject to the provisions of these rules and shall be construed accordingly.

By order and in the name of the Governor of Gujarat,

NIRANJAN SINGH,
Secretary to Government.

## જાહેરનામું

### પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી મે, ૧૯૮૯.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : કેપી-૧૩/૮૯/પીઆરઆર/૧૦૮૧/૪૦૨૧/(૮૧) ડ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૬ઠ્ઠા)ની કલમ ૨૦૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૩૨૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત પંચાયત સેવામાં માજી સૈનિકો માટેના હોદ્દાઓની ખાલી જગાઓ અનામત રાખવા અંગે નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. **ટુંકી સંજ્ઞા**—આ નિયમો, 'ગુજરાત પંચાયત સેવા (માજી—સૈનિકો માટે ખાલી જગાઓ અનામત રાખવા) બાબતના નિયમો, ૧૯૮૯" કહેવાશે.

૨. **વ્યાખ્યા**—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,—

(ક) "સંઘના સશસ્ત્રદળો" એટલે સંઘના સૈનિકો, નૌકા, લશ્કરી અથવા હવાઈ દળો;

(ખ) "અપંગ માજી સૈનિક" એટલે સંઘના સશસ્ત્ર દળોમાં સેવા દરમિયાન જે માજી સૈનિક દુશ્મનો સામેની અથવા અશાંત વિસ્તારોમાંની લશ્કરી હિલચાલમાં અપંગ બન્યા હોય તે માજી-સૈનિક;

(ગ) "માજી—સૈનિક" એટલે જે વ્યક્તિએ અગાઉના દેશી રાજ્યોના સશસ્ત્ર દળો સહિત, પણ આસામ-રાઈફલ્સ, સંરક્ષણ સલામતી ટુકડી, સામાન્ય અનામત ઈજનેરી દળ, લોક સહાયક સેના અને પ્રાદેશિક સેના સિવાય, સાખ કર્યા પછી, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી સળંગ મુદત સુધી સંઘના સશસ્ત્ર દળોમાં (લડાયક તરીકે અથવા બિન-લડાયક તરીકે) કોઈપણ દરજ્જામાં સેવા કરેલ હોય તે વ્યક્તિ; અને

(૧) પોતાની વિનંતિ સિવાય અન્યથા અથવા ગેરવર્તણૂંક અથવા બિન—કાર્યદક્ષતાને લીધે બરતરફ કરીને અથવા છૂટી કરીને જેને મુક્ત કરવામાં આવી હોય અથવા એવી રીતે મુક્ત કરવાનું અનિર્ણિત રાખીને, અનામત રાખેલ લશ્કરમાં જેની બદલી કરવામાં આવી હોય તે વ્યક્તિ, અથવા

(૨) ઉપર્યુક્ત પ્રમાણે મુક્ત થવાને અથવા અનામત રાખેલા લશ્કરમાં બદલી થવાને હકદાર બનવા માટે જરૂરી સેવાની મુદત પુરી કરવા માટે છ મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી જેણે સેવા કરવાની હોય તે વ્યક્તિ; અથવા

Scanned by CamScanner

(૩) સંઘના સશસ્ત્ર દળોમાં પાંચ વર્ષથી સેવા પૂરી કર્યા પછી તેની પોતાની વિનંતિથી જેને મુકત કરવામાં આવી હોય તે વ્યકિત;

(ઘ) "અનામત રાખેલી ખાલી જગાઓ" એટલે માજી-સૈનિકો દ્વારા ભરવા માટે, નિયમ ૪ હેઠળ અનામત રાખેલી ખાલી જગાઓ,

૩. લાગુ પડવા બાબત.—આ નિયમો ઉચ્ચ કક્ષાની અને નિમ્ન કક્ષાની પંચાયત સેવાના તમામ વર્ગોને અને તે સેવામાંની એવી તમામ જગાઓને લાગુ પડશે.

૪. ખાલી જગાઓ અનામત રાખવા બાબત.—(૧) પ્રારંભે કામચલાઉ ધોરણે ભરેલી કાયમી ખાલી જગાઓ અને જે કાયમી થવાનો સંભવ હોય અથવા ત્રણ મહિના કે વધુ મુદત સુધી જે ચાલુ રહેવાનો સંભવ હોય તેવી કામચલાઉ ખાલી જગાઓ સહિત, ઉચ્ચ કક્ષાની પંચાયત સેવાના વર્ગો પૈકીના દરેક વર્ગમાંની અથવા તે સેવામાંની જગાઓ પૈકીની દરેક જગાની કોઈપણ વર્ષમાં સીધી પસંદગીથી ભરવાની ખાલી જગાઓના દશ ટકા અને નિમ્ન કક્ષાની પંચાયત સેવાના વર્ગો પૈકીના દરેક વર્ગમાંની અથવા તે સેવામાંની જગાઓ પૈકીની દરેક જગાની કોઈપણ વર્ષમાં સીધી ભરતીથી ભરવાની ખાલી જગાઓના વીસ ટકા માજી સૈનિકો દ્વારા ભરાવા માટે અનામત રાખવામાં આવશે;

પરંતુ જગાઓના વર્ગમાં માજી-સૈનિકો માટે એવી રીતે નિર્દિષ્ટ કરેલી અનામતની ટકાવારી, કોઈપણ એક ભરતી વર્ષમાં (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે આગળ ખેંચેલી અનામતની જગાઓ સહિત) માજી-સૈનિકો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અને સાથે ગણેલા અન્ય કોઈપણ વર્ગો માટે અનામત રાખેલી ખાલી જગાઓની કુલ સંખ્યા તે વર્ષમાં ભરેલી જગાઓના તે વર્ગમાંની ખાલી જગાઓના પચાસ ટકાથી, યથાપ્રસંગ, જેટલી ઓછી થાય અથવા વધે તેટલે સુધી વધારવી જોઈશે. અથવા ઘટાડવી જોઈશે;

વધુમાં આગાઉના પરંતુક હેઠળ માજી-સૈનિકો માટેની અનામત જગામાં વધારો કરવાની બાબતમાં, તેમના માટે એવી રીતે ઉપલબ્ધ કરાયેલ વધારાની ખાલી જગાઓનો ઉપયોગ, અપંગ માજી-સૈનિકોની નિમણૂક માટે પ્રથમ કરવો જોઈશે અને ત્યારબાદ એવી કોઈપણ ખાલી જગાઓ હજુપણ ભર્યા વગરની બાકી રહી હોય તો તે જગાઓ અન્ય માજી-સૈનિકો માટે ઉપલબ્ધ કરવી જોઈશે.

(૨) માજી-સૈનિકો દ્વારા ભરવા માટે અનામત રાખેલી ખાલી જગાઓમાંથી સરકારે આ અર્થે વખતોવખત બહાર પાડયા હોય તે હુકમો અનુસાર, અનુસૂચિત જાતિઓના અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો માટે ખાલી જગાઓ અનામત રાખવી જોઈશે.

પરંતુ અનુસૂચિત જાતિનો અથવા અનુસૂચિત આદિજાતિનો કોઈપણ માજી-સૈનિક પસંદ થાય, તો તેની પસંદગી સરકારે વખતોવખત બહાર પાડયા હોય તે હુકમો અનુસાર, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ સારૂ જે અનામત જગાઓ માટે જોગવાઈ કરવામાં આવશે તે અનામત જગાના એકંદર કોટા સામે ગણતરીમાં લેવામાં આવશે.

૫. વયમર્યાદા સંબંધી ખાસ જોગવાઈ.—અનામત ખાલી જગાઓ ઉપરની નિમણૂંક માટે જે માજી-સૈનિકો સંઘના સશસ્ત્ર દળોમાં છ મહિનાની સળંગ સેવા કરતાં ઓછી ન હોય, તેટલી સેવા કરી હોય તે દરેક માજી-સૈનિકને તેની ખરેખર ઉંમરમાંથી એવી સેવાની મુદત બાદ કરવાની છૂટ આપવામાં આવશે અને જે પરિણામક ઉંમર જે જગા અને સેવા માટે તે નિમણૂંક મેળવવા માગતો હોય તે જગા અને સેવા માટે ઠરાવેલી વધુમાં વધુ વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધુ હોય તેમ ન વધે તો તેણે વય-મર્યાદા સંબંધી શરતનું પાલન કર્યું છે એમ ગણાશે.

૬. શૈક્ષણિક લાયકાતો સંબંધી ખાસ જોગવાઈ.—(૧) નિમ્ન કક્ષાની પંચાયત સેવામાંની પટાવાળા, દફતરી, જમાદાર અને રેકર્ડ શોર્ટરની જગાઓ પૈકીની કોઈપણ જગામાં કોઈ અનામત રાખેલ ખાલી જગા ઉપરની નિમણૂક માટે, જે માજી-સૈનિકે સંઘના સશસ્ત્ર દળોમાં ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે દરેક માજી-સૈનિકને ઠરાવેલી શૈક્ષણિક લાયકાતમાંથી મુકિત આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.—આ પેટા-નિયમના હેતુ માટે સેવાની મુદતની ગણતરી કરતી વખતે કોઈ વ્યકિતએ સંઘના શસ્ત્ર દળોમાં જે સેવા કરી હોય તે સેવાની મુદતમાં, જે મુદત દરમિયાન તેણે ભારત સરકારના મુલ્કી ખાતામાં સેવા આપેલ હોય તેવી કોઈ મુદતનો સમાવેશ થશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ હોય તે સિવાયની જગાઓમાં કોઈપણ અનામત રાખેલી ખાલી જગા ઉપરની નિમણૂક માટે, નિમણૂંક કરનાર સત્તાધિકારી, પોતાની વિવેકબુધ્ધિ અનુસાર આવા માજી-સૈનિકની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈને, આવી જગાઓ ઉપરની નિમણૂંક માટે અન્યથા પાત્ર હોય તેવા માજી-સૈનિકોની તરફેણમાં આવી જગાઓના સંબંધમાં ઠરાવેલી ઓછામાં ઓછી કોઈ શૈક્ષણિક લાયકાતો હોય, તો તેમાં છૂટછાટ મૂકી શકશે.

(૩) ઉચ્ચકક્ષાની પંચાયત સેવાની જગાઓના વર્ગોમાં કોઈ અનામત રાખેલી ખાલી જગાઓ ઉપરની નિમણૂંક માટે, જે મેટ્રીકયુલેટ માજી-સૈનિકે સંઘના સશસ્ત્ર દળોમાં ૧૫ વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે માજી-સૈનિકને, (જે શબ્દમાં ભારતીય સૈન્ય ખાસ શિક્ષણ પ્રમાણપત્ર અથવા નૌકા અથવા હવાઈ દળમાં તત્સમાન પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા માજી-સૈનિકનો સમાવેશ થાય છે તેને) જે જગાઓ માટે જરૂરી ઠરાવેલ શૈક્ષણિક લાયકાત સ્નાતક હોય અને —

(ક) ટેકનિકલ અથવા વ્યાવસાયિક પ્રકારનો કાર્યાનુભવ જરૂરી ન હોય; અથવા

Scanned by CamScanner

—૪૩૨—



(ખ) બિન-ટેક્નિકલ વ્યાવસાયિક કાર્યાનુભવ જરૂરી હોવાનું ઠરાવેલ હોય તે છતાં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ટૂંક સમય-ગાળા માટે છૂટક—કામ પર તાલીમ લઈને માજી-સૈનિકે જગાની ફરજો બજાવવાનું અપેક્ષિત છે:

ત્યારે તે જગાઓ ઉપરની નિમણૂંક માટે પાત્ર ગણી શકાશે.

(૪) ઉચ્ચ કક્ષાની પંચાયત સેવાના અને નિમ્ન કક્ષાની પંચાયત સેવાના વર્ગોમાં કોઈપણ અનામત રાખેલી ખાલી જગાઓ ઉપરની નિમણૂંક માટે, ઠરાવેલી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત મેટ્રિક્યુલેશન હોય, ત્યારે નિમણૂંક કરનાર સત્તાધિકારી, પોતાની વિવેકબુધ્ધિ અનુસાર જે માજી-સૈનિકે ભારતીય સૈન્ય વર્ગ—૧ પરીક્ષા અથવા નૌકા અથવા હવાઈ દળમાં તેની સમાન પરીક્ષા પાસ કરી હોય અને જેણે સંઘના સશસ્ત્ર દળોમાં ઓછામાં ઓછી ૧૫ વર્ષની સેવા કરેલ હોય અને તેના અનુભવ અને અન્ય લાયકાતો ધ્યાનમાં લેતાં, અન્યથા જેને જગા ધરાવવા માટે યોગ્ય ગણેલ હોય તે માજી-સૈનિકની તરફેણમાં ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતોમાં છૂટછાટ મૂકી શકશે.

૭. પસંદગી માટેનું નિમ્ન ધોરણ.—સીધી ભરતીની બાબતમાં, માજી-સૈનિકો માટે અનામત રાખેલી તમામ ખાલી જગાઓ ભરવા માટેના સામાન્ય ધોરણોના આધારે તેમનામાંથી પૂરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ ન હોય, તો માજી-સૈનિકના વર્ગના ઉમેદવારોની પસંદગી અનામત-ક્વોટામાંની ઘટ પૂરી કરવા માટે છૂટછાટ મૂકેલા પસંદગીના ધોરણ હેઠળ એ શરતને અધીન રહીને કરી શકાશે કે આવી રીતે છૂટછાટ મૂકવાથી, આવા ઉમેદવારો કરતા હોય તે કામગીરીના સ્તરને અસર થવી જોઈએ નહિ.

૮. ભરતી નિયમોમાં સુધારો.—પંચાયત સેવા હેઠળની નિમ્ન કક્ષાની પંચાયત સેવા અને ઉચ્ચ કક્ષાની પંચાયત સેવામાંની જગાઓ પૈકીની કોઈ જગા ઉપરની ભરતીનું નિયમન કરતા તમામ નિયમો, આ નિયમોની જોગવાઈઓને અધીન રહેશે અને તદનુસાર તેનો અર્થ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

નિરંજન સીંઘ,
સરકારના સચિવ.

---



GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Scanned by CamScanner